### પાલનપુરમાં ભાજપ શાસિત નગરપાલિકાના રાજમાં

# સ્વચ્છતા સામે દુર્લક્ષતા : ભાજપી નગરસેવકોની જ પીપુડી વાગતી નથી

## રોગચાળો ફાટી નિકળવવાની દહેશત વ્યક્ત કરતા ભાજપી નગરસેવકોએ જ ચડાવી બાંયો : પી.એમ.ના સ્વચ્છ ભારત અભિયાન વચ્ચે પાલનપુર નર્કાગાર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા ખુદ વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડાવી રહી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ખુદ ભાજપી નગરસેવકોએ જ સફાઈ સામે દુર્લક્ષતા સેવાતી હોવાના આક્ષેપો સાથે પાલિકા સામે મોરચો માંડ્યો છે. રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવતા ભાજપી નગરસેવકોએ તાકીદે લડબી નાળાની સફાઈની માંગ કરતી લેખિત ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

ભાજપ શાસિત નગરપાલિકાના રાજમાં પી.એમ.મોદીનું સ્વચ્છ ભારત અભિયાન કેવું કાગળ પર જ ચાલી રહ્યું છે. તેની પ્રતીતિ કરાવતો કિસ્સો બહાર આવ્યો છે. શહેરના વોર્ડનં.૮માં આવેલા લડબી નાળાની સફાઈ જ થતી નથી. જેને પગલે જ્યાંથી લડબી નાળું પસાર થાય છે તેવા હરસિદ્ધ નગર, વણઝારા ટેકરો, નંદનવન સોસાયટી, ચાણક્યપુરી, તિરુપતિ ટાઉનશિપ સહિતના વિસ્તારો માથું ફાટી જાય તેવી દુર્ગંધ સાથે નર્કાગારમાં ફેરવાયા છે. જેથી જાહેર આરોગ્યને હાનિ પહોંચતી હોઈ રોગચાળો ફેલાવવાની શક્યતા વર્તાઈ રહી છે.



આ અંગે પાલિકાના ભાજપી નગરસેવકોની વારંવારની મૌખિક અને લેખિત રજૂઆતો પાલિકાના શાસકોના બહેરા કાને અથડાઈને પરત ફરી છે. ત્યારે ખુદ ભાજપી નગરસેવકોની જ પીપુડી ન વાગતા કંટાળીને આ નગરસેવકો એ જ પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરી સત્વરે સફાઈ નહીં થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે જવાની ચીમકી આપતા ભાજપી વર્તુળોમાં જ હલચલ મચી જવા પામી છે.



## ડીસા દક્ષિણ પી.આઈ. વિરુદ્ધ બાર એસો. દ્વારા આવેદનપત્ર

બનાસકાંઠાના ડીસા ખાતેના દક્ષિણ પોલીસ મથકના પોલીસ અધિકારીની કથિત જોહુકમી સામે મેદાને પડેલા ડીસાના ધારાશાસ્ત્રીઓએ આજે સતત બીજા દિવસે પણ કામકાજથી અલહમગ રહી આક્રમક અભિગમની પ્રતીતિ કરાવી હતી. ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકના પી.આઈ.સિંઘલે શહેરના ધારાશાસ્ત્રીઓ સાથે અસભ્ય વર્તન કર્યુ હોવાના આક્ષેપ સાથે ગત મંગળવારે ડીસા બાર એસોસિએશનને આ પોલીસ અધિકારી સામે પગલાં લેવાની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો.

## મોડાસામાં નગરપાલિકાએ પાણી વેરામાં વધારો ઝીંકતાં ભારે રોષ

મોડાસા નગરના અનેક વિસ્તારોમાં હાલ ઉનાળાના દિવસોમાં એકાંતરે પાણી આપવામાં આવે છે. નગરમાં નિયમીત પાણી તો મળી રહ્યુ નથી અને પાલિકાએ પાણીવેરામાં વધારો ઝીકી દેતાં પ્રજાજનોમાં રોષ ઉભો થયો છે. આ મામલે વિરોધ પક્ષ દ્વારા પણ વિરોધ નોંધાવી વધારેલો પાણીવેરો પરત ખેંચવામાં આવે તેવી માંગ કરાયેલ છે.

નગરની ૭૦ હજારથી વધુ વસ્તીને શિયાળામાં પણ એકાંતરે દિવસે ન.પાલિકા દ્વારા પાણી આપવામાં આવતુ હતુ. ઉનાળાની શરૂઆત થઈ ગયા બાદ પણ નગરજનોને નિયમિત પાણી મળતુ નથી ત્યારે પાણીની સુવિધાઓ વધારવાની જગાએ પાલિકાએ પાણીવેરામાં વધારો કરી દેતા કચવાટ ઉભો થયેલ છે. રહેણાંક વિસ્તારમાં અત્યાર સુધી ૬૦૦ રૂ. પાલિકા પાણીવેરો વસુલાતો હતો. તેની જગાએ ૯૦૦ રૂ. કરી દેવાયો છે. ૯૦૦ રૂ. રોજી ધંધાકીય જગાએ ૧૫૦૦ બાંધકામ માટે ૧૫૦૦ની જગાએ ૩૦૦૦ અને ઔદ્યોગિક માટે ૨૦૦૦ની જગ્યાએ ૫૦૦૦ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. આજ રીતે જુદી જુદી કેટેગરીમાં પાણીવેરાનો વધારો કરવામાં આવ્યો છે. શહેરીજનો પર પાણીવેરાના વધારાનો બોજ નાંખવામાં આવતા વિરોધ પક્ષ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.





## ધનસુરામાં ઉનાળો શરૂ થતા ઠંડા પીણાની દુકાનો પર ભારે ભીડ

ઉનાળો શરૂ થતા ઠંડા પીણા, શેરડીનો જ્યુસ, આઈસ્ક્રીમ, લસ્સી, ફ્રુટ જ્યુસ ગોલા, તરબૂચ, શરબત, આઈસ ડીસની દુકાનો પર લોકોની ભીડ જોવા મળી રહી છે. ઊનાળો શરૂ થતા જ લોકો ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણાનો ઉપયોગ કરે છે. તેથી અરવલ્લી જીલ્લામાં ઠંડા પીણાના બજારમાં દુકાનો શરૂ થઈ ચુકી છે. ધનસુરાના બજારોમાં ઠંડા પીણા, ફ્રુટ જ્યુસની દુકાનો શરૂ થતા લોકો ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પીણાનો ઉપયોગ કરી રહયાં છે. લોકો ગરમીથી રાહત મેળવવા માટે આ દુકાનોમાં મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ઉનાળો શરૂ થતા ઠેર ઠેર શેરડીના જ્યુસ અને ફ્રુટ જ્યુસની દુકાનો ખુલેલી જોવા મળી રહી છે.

# ધાનેરાના ચારડા ગામની મહિલા કમાય છે મહિને લાખો રૂપિયા

## પશુપાલન કરી વાર્ષિક ૮૦ લાખ કરતા વધુની કમાણી કરે છે

એક એવી મહિલાની કહાની કહેવા જઈ રહ્યા છીએ કે, મહિલા આમ તો અભણ છે પરંતુ તે એક મહિને એટલા રૂપિયા કમાય છે કે એટલો તો કોઈ ક્લાસવન અધિકારીનો પણ પગાર નહિ હોય.

આ મહિલા ભલે અભણ હોય પરંતુ તેની કમાઈ કેટલી છે તે તમે સાંભળશો તો દંગ રહી જશો. સાધારણ દેખાવાવાળી કાનુંબેન ચૌધરી પોતાની મહેનતને કારણે મહિને હજારો નહિ લાખો કમાઈ રહી છે કલાસ વન અધિકારી કરતા પણ આ અભણ મહિલાની આવક અનેકો ગણી છે તેમને જાણીને નવાઈ લાગશે કે આ મહિલાની વાર્ષિક આવક ૮૦ લાખ જેટલી છે.બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના નાનકડા ગામ ચારડામાં રહેવાવાળી અભણ મહિલા કાનૂબેને પોતાની મહનેતથી નામ અને દામ બંને કમાઈ રહી છે થોડા વર્ષો પહેલા કાનૂબેને ૧૦ પશુઓ લાવીને પશુપાલનનો વ્યવસાય શરૂ કર્યો હતો અને દૂધ વેચવાનું ચાલુ કર્યું હતું અને પશુઓનું દૂધ ભરાવવા માટે પોતાના ગામથી ૩ કિલોમીટર દૂર ચાલીને જતા હતા. પશુપાલનના વ્યવસાયમાં કમાણી વધતા





કાનૂબેને ધીરે ધીરે પશુઓની સંખ્યા વધારી અને હાલ તેમની પાસે નાના મોટા ૧૦૦ જેટલા પશુઓ છે જેથી અભણ કાનૂબેને હવે દૂધ દોહવા માટે ટેકનોલોજીનો સહારો લીધો છે અને રોજનું એક હજાર લીટર દૂધ ડેરીમાં ભરાવે છે જેના થકી તેવો વાર્ષિક ૮૦ લાખ જેટલી રકમ મેળવે છે જેના કારણે કાનુબેન ચૌધરી બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ દૂધ ભરાવનાર મહિલા બની ગયા છે કાનુંબેને પોતાની આવડત અને મહેનતથી પોતાના પરિવાર અને ગામનું નામ રોશન કર્યું છે બનાસડેરી દ્વારા ૨૦૧૬-૧૭ માં સૌથી વધુ દૂધ ભરાવતા તેમને શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી એવોર્ડ અને ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવ્યું છે તેમજ રાજ્ય સરકાર તરફથી ગુજરાતમાં શ્રેષ્ઠ પશુપાલનમાં પણ કાનુબેનને પ્રથમ નંબર આપી તેમને તત્કાલીન કૃષિ અને પશુપાલન મંત્રી બાબુભાઈ બોખારીયા ના હસ્તે એવોર્ડ અપાયો હતો તો દ્રહ્દ્ઠ્મ દ્વારા ઓલ ઈન્ડિયામાં મહિલા પશુપાલક તરીકે પ્રથમ નંબર આપી ભારત સરકારના કેન્દ્રીય કૃષિ મંત્રી રાધા મોહનસિંહ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને દ્રહ્દ્ઠ્મના ચેરમેન દિલીપ રથ અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતમાં તેમને એવોર્ડ આપીને નવાજવામાં આવ્યા છે કાનુંબેને પોતાની ધગશ અને મહેનતના કારણે પોતાના જિલ્લા સહિત ગુજરાતનું નામ રોશન કર્યું છે કાનુંબેન નું કહેવું છે કે કોઈ જ કામ મુશ્કેલ નથી જે મહિલાઓ પશુપાલન નથી કરતી તેમને પણ આ વ્યવસાયમાં ઝંપલાવીને પગભર થવું જોઈએ અને પોતાના ઘરમાં આર્થિક મદદ કરવી જોઈએ.

કાનુંબેન દ્વારા પોતાના પશુઓની ખુબજ સારસંભાળ લેવામાં આવે છે તેવો જાતેજ પશુઓ માટે ખેતરમાંથી જાતે જ ચાર વાઢે છે પશુઓને નવરાવે છે પશુઓને ખાણ આપવાનું કામ હોય કે તેમને દોહવાનું કામ પણ કરે છે ગાય ભેંસોને ગરમી ન લાગે તે માટે તેમને પોતાના તબેલામાં પંખા અને કુલિંગ ફુવારા પણ લગાવ્યા છે તેમજ પશુઓને દોહવા માટે ઓટોમેટિક મશીનો પણ લગાવ્યા છે પશુઓના દરેક કામમાં તેમને તેમના ઘરના સભ્યો અને મજૂરો પણ મદદ કરે છે કાનુંબેનનો પુત્ર તેમની માતાની પ્રગતિથી ખુબજ ખુશ છે અને કહે છે કે પહેલા અમારી આર્થિક સ્થિતિ સારી નહતી પરંતુ મારી માતા દ્વારા પશુપાલનનો વ્યવસાય કરતા અમારા ઘરની હાલત ખુબજ સુધરી છે પશુપાલનના વ્યવસાય થકી અમે જમીનો અને અન્ય મિલકતો પણ વસાવી છે.

## જીઈબી એન્જિનિયરોની પડતર માંગણીઓ ન ઉકેલાતા હડતાલ પર

હિંમતનગર, તા. ૮

ગુજરાત વિદ્યુત બોર્ડ એન્જીનિયર એસોસીએશન દ્વારા તેમની પડતર માંગણીઓ અંગે વિજ કંપનીને એક માસ અગાઉ નોટીસ આપી તેનો નિવેડો લાવવા જાણ કરી હોવા છતાં તેમાં હકારાત્મક કાર્યવાહી ન થતા સાબરકાંઠા જિલ્લાના એન્જીનિયરોએ બુધવારે રજા મુકીને હડતાલમાં જોડાઈ પ્રતિક ઉપવાસમાં જોડાયા હતા.

આ અંગે જીઈબી એન્જીનિયર એસોસીએશનના હોદ્દેદારોના જણાવાયા મુજબ એક માસ અગાઉ ગુજરાતમાં વિજ કંપનીમાં ફરજ બજાવતા એન્જીનિયરોની વિવિધ પડતર માંગણીઓ ઉકેલવા માટે વિજ કંપનીના સત્તાવાળાઓને જાણ કરાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી ન થતા આખરે બુધવારે રાજ્યના ૩૨ સ્થળે ૧૬૦૦ કર્મચારીઓએ પોતાની ફરજમાં નહી જઈ રજા મુકી હતી. અને હડતાલમાં જોડાયા હતા. આ કર્મચારીઓની ૨૭ માંગણીઓ સંતોષવા માટેની નેમ સાથે હડતાલનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે.

આ માંગણીઓમાં ઈજનેરોએ સહાયક જુનીયર ઈજનેરોની સીધી ભરતી કરવા પર નારાજગી દર્શાવી છે. તથા સાતમાં પગાર પંચ અંતર્ગત પગાર અને ભથ્થામાં સુધારો કરવાની માંગ કરી છે.

### ધાનેરામાં ચિકી બનાવતી ફેક્ટરી સામે મામલતદારે આપ્યો તપાસનો આદેશ

# તંત્રના એક અધિકારીએ જવાબ કર્યો સબ સલામત છે

## પેપરમાં છપાયેલા સમાચાર ખોટા કે પછી તંત્રના અધિકારીનો જવાબ ?

ધાનેરા માં ગંદકી અને ગંદી વસ્તુ થી ચીકી બનાવની ફેક્ટરી તંત્ર ની મહેરબાની થી ચાલી રહી છે તે બાબત નો અહેવાલ મીડિયા માં



પ્રસારિત થતા તંત્ર દોડતું થયું હતું ત્યારે તંત્ર ના એક અધિકારી એ ઉચ્ચ કક્ષાએ જવાબ કર્યો છે કે ફેક્ટરી માં અમે જાત નિરીક્ષણ કર્યું છે અને ફેક્ટરી બરાબર ચાલી રહી છે તો બીજી તરફ ધાનેરા ના લોકો જણાવી રહ્યા છે કે તંત્ર ના અધિકારીઓ તો માત્ર તેમના ખિસ્સા ભરવાં જ રાજી છે અને કોઈ ઘટના પેપર કે ચેનલ આવે તો તેની પાસે પહોંચી જાય છે તોડ કરવા માટે ધાનેરા ડીસા હાઈવે ઉપર આવેલા મામાબાપજી ના મંદિર નજીક ક્રિષ્ણા ટ્રેડિંગ નામની દુકાન પાછળ ચીક્કી બનાવની ફેક્ટરી ચાલી રહી છે અને તે ફેઉકટારી ગંદકી અને ગંદી વસ્તુ થી ચીક્કી બનાવતો હોવાની રાડ ઉઠતા અમારી ટિમ પણ આ ફેક્ટરી માં ગઈ હતી અને ત્યાં જી જોયું ગંદકી અને ગંદા પાણી થી બનતી ચીક્કી સડેલી સીંગ તેમજ ગંદા વાસણો જોવા મળ્યા હતા અને તે તમામ દર્શ્યો કેમેરા માં કેદ કરી તંત્ર ની આંખ ખોલે તે માટે પ્રસારિત કર્યું હતું ત્યારે તંત્ર દોડતું થયું હતું અને આ બાબતે તટસ્થ તાપસ ના આદેશ આપ્યા હતા ત્યારે તંત્ર નો અર્બન હેલ્થ ઓફિસર ધ્વરા તાપસ ના બદલ માં જવાબ કરવામાં આવ્યો છે કે અહીં બધું બરાબર છે અને અમે અમારી જાતે નિરીક્ષણ કર્યું છે ત્યારે લોકો જણાવી રહ્યા છે કે આ અધિકારી ને ફોટા અને વિડિઓ નથી દેખાતા કે પછી પૈસા લઈ ખોટો જવાબ કર્યો છે માટે આ અધિકારી સામે પણ તંત્ર તાત્કાલિક પગલાં ભારે તેવી લોક માંગ ઉઠવા પામી છે ધાનેરા ના એક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે બધું જ તંત્ર ની રહેમ નજર હેઠળ ચાલી રહ્યું છે અને ધાનેરા માં તો આવા ધંધા ની હાટડીઓ તંત્ર ની રહેમ નજર હેઠળ ચાલુજ છે ત્યારે મેં પણ એક ચીક્કી જોઈ હતી અને તે ખુબજ વાસ મારતી હતી અને જો આ ચીકી ખાવા થી લોકો ના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે અને લોકો બિમાર પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. બાળકો ને ચીકી ખુબજ પ્રિય હોય છે અને બાળકો ચીકી વધારે પડતી ખાતા પણ હોય છે જો તંત્ર ના પાપે આ ચીકી નાના બાળકો નો ભોગ લે તો નવાઈ નહિ માટે ધાનેરા ની જાણતા ની પંબ માંગણી છે કે આવા ચીકી ની ફેક્ટરી ચલાવનાર સામે અને તંત્ર ગેર માર્ગે દોરનાર અધિકારી સામે તાત્કાલિક પગલાં ભારે તેવી લોક મંગા ઉઠવા પામી છે ધાનેરા માં જ્યારે પૂર આવ્યું અને અને લોકો મોટ સામે જજુમી રહ્યા હતા ત્યારે સમગ્ર ગુજરાત સહીત અન્ય જગ્યાએથી પણ લોકો આવી ધાનેરા ના પૂરગ્રસ્ત લોકો ને મદદ રૂપ બન્યા હતા ત્યારે આ માહેશ્વરી ધાનેરા ના પૂરગ્રસ્તધાનેરા લોકો ની મજાક કરી રહ્યા હતા અને જો કોઈ તેમની દુકાને વસ્તુ લેવા જાય તો તેની પાસેથી ચાર ગણા પૈસા વસુલ કરી ગરીબ લોકો ની મજબૂરી નો લાભ ઉઠાવી રહ્યા હતા હવે જો વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લા ના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ની તો આ ખાતાની તો ધાનેરા ની જનતા ને જાણ જ નથી કેમકે આ ખાતું ક્યારે ધાનેરા આવતુંજ નથી વર્ષ માં એક વખત આવે દિવાળી ટાણે ધાનેરા સહીત બનાસકાંઠા જિલ્લા ના તંત્ર ને લોકો ના આરોગ્ય ની કોઈજ ચિંતા નથી અને લોકો ના આરોગ્ય સાથે ગમે તેમ ચેડાં થાય તો પણ તંત્ર ના પેટમાંથી પાણી હાલતું નથી. જયારે કોઈ બાબત પેપર કે ચેનલ માં આવે છે ત્યારે લેભાગુ અધિકારીઓ તાપસ ના બહાને પહોંચી જાય છે અને તેમના ખીસા ગરમ કરી ચાલતી પકડે છે માટે તંત્ર જાગૃત બને અને આવા અધિકારીઓ સામે અને લોકો ના આરોગ્ય સાથે ચેડાં કરનાર સામે તકાલિક પગલાં ભારે નહીંતર આવનાર સમય ધાનેરા માં મોટી હેનારત સર્જાય તો પણ કોઈ નવાઈ ની વાત નથી કહેવાતી.



એક બાજુ તંત્ર ફેક્ટરી સામે કાર્યવાહી કરવાના બદલે ફેક્ટરી ચલાવનાર પ્રોત્સાહન આપી રહ્યું છે અને જે તાપસ ની ફોર્માલિટી કરવા જાય છે તે પણ બધું સલામત છે તેવા જવાબ કરી હાથ અધ્ધર કરે છે તો બીજી તરફ ફેક્ટરી ચલાવનાર મહેશ્વરી બજાર ના લોકો ને જણાવી રહ્યો છે કે ઉચ્ચ કક્ષા સુધી મારુ સેટિંગ છે અને મારે ત્યાં કોઈ જ તાપસ કરી શકે તેમ નથી કારણ કે હું બધાને પૈસા આપું છું તાપસ નો અભાવ જોઈ ક્યાંક ને ક્યાંક વેપારી ની વાત પણ સાચી લાગી રહી છે હવે જોવાનું એ રહે છે કે હજુ પણ તંત્ર ઊંઘે છે કે જાગે છે.

## બનાસકાંઠા જિલ્લાનું ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ માત્ર દિવાળી ટાણે જ ધાનેરા આવે છે : જનાક્રોશ